# ભારતમાં સિપ્લા ફાર્મા કંપનીના ઈકવિટી શેરદીઠ કમાણીનું વિશ્લેષણ (2006-07 થી 2015-16)

જીનલબેન ધનસુખભાઈ ટંડેલ
એમ ,એડ.બી ,કોમ.GSET-કોમર્સ

## સંશોધન સાર

પ્રસ્તુત અભ્યાસ માટે પસંદ કરેલ કંપની BSE અને NSE માં નોંધાયેલ છે. તેના વાર્ષિક હિસાબો પ્રકાશિત થતા હોય છે. આથી "ભારતમાં સિપ્લા ફાર્મા કંપનીના ઈકવિટી શેરદીઠ કમાણીનું વિશ્લેષણ" (2006-07 થી 2015-16) વિષય પર સંશોધન કાર્ય હાથ ધર્યુ હતું. જેમાં કેટલાક હેતુઓ નક્કી કરવામાં આવ્યા હતા. આ હેતુઓ આધારીત કંપનીઓના પ્રકાશિત થતા વાર્ષિક હિસાબોમાંથી ગૌણ માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રાપ્ત કરેલ માહિતીના આધારે ગુણોત્તર વિશ્લેષણ અને વલણ વિશ્લેષણ જેવી નાણાકીય અને આંકડાકીય પધ્ધતિનો ઉપયોગ કરી સંશોધનને વૈજ્ઞાનિક ઓપ આપવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનના નીચે મુજબ મુખ્ય તારણો મળ્યા હતા.

1. સિપ્લા ફાર્મા કંપનીએ સંપુર્ણ નાણાકીય મજબૂતાઈ જાળવી રાખી છે.
2. સિપ્લા ફાર્મા કંપનીએ રોકાણના સંદર્ભમાં નફાકારકતા જાળવી રાખી છે.
3. સિપ્લા ફાર્મા કંપનીનું પર્ફોમન્સ પ્રગતિના પંથે છે.
4. સિપ્લા ફાર્મા કંપનીનું ભાવિ ઉજળુ છે.
5. સિપ્લા ફાર્મા કંપનીઓના શેરમાં રોકાણ કરવું ફાયદાકારક છે
6. કંપનીના શેરધારકોને વિતરિત કરવા માટે વધુ નફો છે.

કંપનીએ પોતાના રોકણના સંદર્ભમાં ઈકવિટી શેરદીઠ કમાણીનો દર જાળવી રાખ્યો છે. કંપનીએ પોતાની નફાકારકતા જાળવી રાખી છે. આ કંપનીની ઈકવિટી શેરદીઠ કમાણી સમગ્ર સમયગાળા દરમિયાન સારી હતી. ઈકવિટી શેરદીઠ કમાણી સમગ્ર સમયગાળા દરમિયાન હકારાત્મક ક્ષેત્રે હતો. 79% ના સ્તરે કહી શકાય કે ઈકવિટી શેરદીઠ કમાણીમાં 1.09`% ના દરે દર વર્ષે વધારો થઈ રહ્યો છે. ભવિષ્યમાં પણ કંપનીની નફાકારકતા સારી હશે

## ૧. પ્રસ્તાવના

વર્તમાનમાં ઔદ્યોગિક વિકાસે દેશને અન્ય દેશોના વિકાસના મુકાબલે સારી એવી પ્રગતિ કરી છે.ભારતના ઔદ્યોગિક વિકાસમાં ફાર્માસ્યુટીકલ ઉદ્યોગોનો ફાળો પણ ખુબ જ મહત્વપૂર્ણ છે. ભારતનો ફાર્માસ્યુટીકલ ઉદ્યોગોનું મુલ્ય સમગ્ર વિશ્વમાં ત્રીજા ક્રમે છે. હૈદરાબાદ, મુંબઇ, બેંગ્લોર, અને અમદાવાદ ભારતના મુખ્ય ફાર્માસ્યુટીકલ હબ છે. સિપ્લા ફાર્મા કંપની ભારતીય બહુરાષ્ટ્રીય ફાર્માસ્યુટીકલ અને બાયોટેક્નોલોજી કંપની છે. જેનું મુખ્યાલય મુંબઈમાં આવેલું છે. સિપ્લા મુખ્યત્વે શ્વસન, હૃદયરોગની બિમારી, સંધિવા, ડાયાબિટીસ, વજન નિયંત્રણ અને ડિપ્રેસન દવાનું ઉત્પાદન કરે છે. 18 સપ્ટેમ્બર 2014 સુધીમાં, તેનું માર્કેટ કેપિટલાઈઝેશન 49,611.58 કરોડ (7.2 અબજ યુએસ ડોલર) હતું, જેનાથી તે બજાર મૂલ્ય દ્વારા ભારતની 42 મી સૌથી મોટી જાહેર વેપારી કંપની બની.1935 માં મુંબઈમાં ખ્વાજા અબ્દુલ હમીદ દ્વારા 'ધ કેમિકલ, ઔદ્યોગિક અને ફાર્માસ્યુટિકલ લેબોરેટરીઝ' તરીકે તેની સ્થાપના કરવામાં આવી હતી. 20 જુલાઈ,

1984 ના રોજ કંપનીનું નામ 'સિપ્લા લિમિટેડ' માં બદલવામાં આવ્યું હતું. વર્ષ 1985 માં, યુએસ એફડીએએ કંપનીની બલ્ક ડ્રગ મેન્યુફેક્ચરિંગ સુવિધાઓ મંજૂર કરી હતી. કેમ્બ્રિજ-શિક્ષિત રસાયણશાસ્ત્રી, સ્થાપકના પુત્ર યુસુફ હમીડની આગેવાની હેઠળ, કંપનીએ વિકસિત વિશ્વમાં ગરીબ લોકોની સારવાર માટે સામાન્ય એઇડ્ઝ અને અન્ય દવાઓ પ્રદાન કરી. 2001 માં, સિપ્લાએ એચ.આય.વીની સારવાર માટે આંશિક ખર્ચ (દર દર્દી દીઠ 350 ડોલરથી ઓછા) પર દવાઓ (એન્ટિરેટ્રોવાયરલ્સ) ની ઓફર કરી હતી. સિપ્લા એ અન્ય ઉત્પાદકો તેમજ ફાર્માસ્યુટિકલ અને પર્સનલ કેર પ્રોડક્ટ્સને સક્રિય ફાર્માસ્યુટિકલ ઘટકો વેચે છે, એસ્સીટોલોગ્રામ (એન્ટિ-ડિપ્રેસન્ટ), લેમિવાડિન અને ફ્લુટીકાસોન પ્રોપ્રિયોનેટ સહિત. તે વિશ્વની સૌથી મોટી એન્ટિરેટ્રોવાયરલ દવાઓ ઉત્પાદક છે. આમ, સિપ્લા ફાર્મા કંપનીનું ફાર્માસ્યુટીકલ ક્ષેત્રે ઘણું પ્રદાન છે. ભારતીય અર્થતંત્રના વૃધ્ધિ અને વિકાસમાં આ ડ્રગ્સ કંપનીની અસર કેવી થઈ છે ? આ કંપનીનું ભાવિ કેવું હશે ? આ કંપનીની નાણાકીય કામગીરી કેવી છે ? આ કંપનીની રોકાણના સંદર્ભમાં નફાકારકતા કેવી છે ? આ કંપનીના શેરમાં રોકાણ કરવું ફાયદાકારક છે કે નુકશાનકારક છે ? આ કંપનીના ઈકવિટી શેરદીઠ કમાણી કેટલી છે? વગેરે જેવા પ્રશ્નોના ઉત્તર મેળવવા માટે સંશોધકે પ્રસ્તુત અભ્યાસ માટે ‘ભારતમાં સિપ્લા ફાર્મા કંપનીના ઈકવિટી શેરદીઠ કમાણીનું વિશ્લેષણ (2006-07 થી 2015-16)’ વિષય પસંદ કર્યો હતો.a

**૨. સંશોધનની સમસ્યા**

અધ્યેતાએ નીચે જણાવેલ સંશોધનની સમસ્યા પસંદ કરેલ હતી. “ભારતમાં સિપ્લા ફાર્મા કંપનીના ઈકવિટી શેરદીઠ કમાણીનું વિશ્લેષણ (2006-07 થી 2015-16).”

**૩. સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધન માટે નીચે જેવા હેતુઓ નિર્ધારિત કર્યા હતા.

1. સિપ્લા ફાર્મા કંપનીના નાણાકીય કામગીરીનું વિશ્લેષણ અને મૂલ્યાંકન કરવા.
2. સિપ્લા ફાર્મા કંપનીના વૃધ્ધિ અને વિકાસ જાણવા.
3. સિપ્લા ફાર્મા કંપનીના ભવિષ્ય ઊજળુ હશે કે નબળુ હશે તે જાણવા.
4. સિપ્લા ફાર્મા કંપનીનું વર્ષ દરમિયાનનું પરફોર્મન્સ કેવું છે પ્રગતિના પંથે છે, કે સ્થિરતાના પંથે . છે, કે અધોગતિના પંથે છે તે જાણવા.
5. સિપ્લા ફાર્મા કંપનીના રોકણના સંદર્ભમાં નફાકારકતા જાણવા.
6. સિપ્લા ફાર્મા કંપનીઓના શેરમાં રોકાણ કરવું ફાયદાકારક છે કે નુકશાનકારક છે તે જાણવા.

**૪. સંશોધનનું મહત્વ**

કોઈ પણ સંશોધન સમસ્યાનો ઉકેલ શોધવા માટે કરવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનનું મહત્વ નીચે પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

1. પ્રસ્તૃત સંશોધન રોકાણકારોને ઉપયોગી બનશે આ કંપનીમાં શૅરમાં રોકાણ કરવું ફાયદાકારક છે કે નુકશાનકારક છે. તે અંગેનો નિર્ણય લેવામાં ઉપયોગી બનશે.
2. પ્રસ્તૃત સંશોધન બેન્ક નાણા ધીરનારાઓને પણ આ કંપનીમાં ધિરાણ કરવા અંગેના મહત્વના નિર્ણયો લેવામાં મદદરુપ બનશે.

3. પ્રસ્તૃત સંશોધન રીસર્ચ સ્કોલરને પણ સંદર્ભસાહિત્ય તરીકે યોગ્ય નિર્ણય લેવામા મદદ રૂપ બનશે.
4. પ્રસ્તૃત સંશોધન સરકારને મહત્વના નિર્ણયો લેવામાં અને કરવેરા અધિકારીઓને પણ કરનું આયોજન કરવામાં ઉપયોગી બનશે.
5. પ્રસ્તૃત સંશોધન બિઝનેશમેન પણ કે જેઓ ડ્રગ્સ કંપની સાથે સંકળાયેલા છે. કંપનીનું નાણાકીય કામગીરીનું પર્ફોમિન્સ જાણી શકશે. અને જે કાંઇ સુધારો – વધારો કરવાનો હોય તેના વિશે યોગ્ય નિર્ણય લઈ શકશે.

## ૫. સંશોધનનું સીમાંકન

સંશોધન વિશાળ ક્ષેત્ર છે. તેમા સમય, શક્તિ અને નાણાનો વ્યય થાય છે. પ્રસ્તૃત સંશોધનમાં નીચે જેવી મર્યાદાઓ બની રહી હતી.

1. પ્રસ્તૃત સંશોધન પસંદ કરેલ સિપ્લા ફાર્મા કંપની પૂરતું મર્યાદિત હતો.
2. પ્રસ્તૃત સંશોધન સિપ્લા ફાર્મા કંપનીના પ્રકાશિત થતા વાર્ષિક હિસાબો પરથી મેળવેલ ગૌણ ડેટા પર આધારિત હતો.
3. પ્રસ્તૃત સંશોધન 2006-07 થી 2015-16 નો સમયગાળો પૂરતો મર્યાદિત હતો.
4. પ્રસ્તૃત સંશોધન કંપનીના નાણાકીય કામગીરીનું વિશ્લેષણ કરવા માટે ઈકવિટી શેરદીઠ કમાણીનું ગુણોત્તર વિશ્લેષણ અને વલણ વિશ્લેષણ જેવી પધ્ધતિ પૂરતો મર્યાદિત હતો.

## ૬. અભ્યાસના ક્ષેત્રની પસંદગી

ભારતમાં દવા બનાવતી ઘણી કંપનીઓ છે. જે BSE, NSE માં નોંધાયેલી છે. પ્રસ્તૃત અભ્યાસ માટે સિપ્લા ફાર્મા કંપનીને પસંદ કરવામાં આવી હતી. સિપ્લા ફાર્મા કંપની ભારતીય બહુરાષ્ટ્રીય ફાર્માસ્યુટીકલ અને બાયોટેકનોલોજી કંપની છે, જેનું મુખ્યાલય મુંબઈમાં આવેલું છે. આ કંપની BSE , NSE માં નોંધાયેલ છે આ કંપનીના વાર્ષિક હિસાબો સરળતાથી મળી રહે છે. આ કંપની મોટા કદની જાહેર કંપની છે. આ કંપનીના શેરનું મૂલ્ય પણ ઊંચુ છે. ઘણા વર્ષોથી આ કંપની પોતાના માટે એક ઊંચ્ચ સ્થાન પ્રાપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે. આમ, સિપ્લા ફાર્મા કંપનીનું ફાર્માસ્યુટીકલ ક્ષેત્રે ઘણું પ્રદાન છે. આમ, આ કંપનીની હેતુપુર્વક પસંદગી કરવામાં આવી હતી.

## ૭. માહિતી એકત્રીકરણની રીત

પ્રસ્તૃત સંશોધન ગૌણ ડેટા આધારીત હતો પસંદ કરેલ કંપની.BSE, NSE માં નોંધાયેલ છેતેના હિસાબો પ્રકાશિત . થતા હોય છે.આ કંપનીના પ્રકાશિત થતા વાર્ષિક હિસાબોમાંથી ગૌણ ડેટા મેળવવામાં આવ્યા હતા .

## ૮. અભ્યાસના સમયગાળો

પ્રસ્તૃત સંશોધનનો સમયગાળો 2006-07 થી 2015-16 નો પસંદ કરવામાં આવ્યો હતો.

## ૯. પૂર્વધારણા

Ho : ભારતમાં સિપ્લા ફાર્મા કંપનીના ઈકવિટી શેરદીઠ કમાણીના વલણમાં કોઈ તફાવત નથી

H1 : ભારતમાં સિપ્લા ફાર્મા કંપનીના ઈકવિટી શેરદીઠ કમાણીના વલણમાં તફાવત છે.

## ૧૦. માહિતીનું વિશ્લેષણ

ગુણોત્તર વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત કરેલ ગૌણ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પસંદ કરેલ સિપ્લા ફાર્મા કંપનીના વાર્ષિક હિસાબોના આધારે ઈકવિટી શેરદીઠ કમાણીનો ગુણોત્તર અને તેના આધારે વલણ વિશ્લેષણ દ્વારા અર્થઘટન કરવામાં આવ્યું હતું.

## ૧૧. ઈક્વિટી શેરદીઠ કમાણીનું ગુણોત્તર વિશ્લેષણ

ગુણોત્તર વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત કરેલ ગૌણ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પસંદ કરેલ સિપ્લા ફાર્મા કંપનીના વાર્ષિક હિસાબોના આધારે ઈકવિટી શેરદીઠ કમાણીનો ગુણોત્તર શોધી અર્થઘટન કરવામાં આવ્યું હતું. શેરહોલ્ડરના રોકાણ પર નફાકારકતા માપવા માટે ઈકવિટી શેરદીઠ કમાણીનો ગુણોત્તર ઉપયોગી બને છે. કરવેરા બાદના ચોખ્ખા નફામાંથી પ્રેફરન્સ ડિવિડન્ડ બાદ કર્યા પછીના નફાને ઈકવિટી શેરની સંખ્યા વડે ભાગવાથી શેરદીઠ કમાણી મળે છે. રોકાણના પ્રમાણમાં ઈકવિટી શેરદીઠ કમાણી કેટલા પ્રમાણમાં છે તે જાણી શકાય છે. ઈક્વિટી શેરદીઠ કમાણીનું સૂત્ર આ પ્રમાણે છે.

ઈક્વિટી શેરદીઠ કમાણી (EPS) = કરવેરા બાદના ચોખ્ખા નફો - પ્રેફરન્સ ડિવિડન્ડ / ઈકવિટી શેરની સંખ્યા

**કોષ્ટક નં 1 ઈક્વિટી શેરદીઠ કમાણીનું ગુણોત્તર વિશ્લેષણ દર્શાવતો કોષ્ટક નીચે મુજબ છે.**

| વર્ષ | ચોખ્ખો નફો(કરોડમાં) | ઈક્વિટી શેરની સંખ્યા(કરોડમાં ) | ઈક્વિટી શેરદીઠ કમાણી |
|---|---|---|---|
| 2006-07 | 668.03 | 77.72 | 8.59 |
| 2007-08 | 701.43 | 77.72 | 9.02 |
| 2008-09 | 776.81 | 77.72 | 9.99 |
| 2009 -10 | 1081.49 | 80.29 | 13.47 |
| 2010 -11 | 960.39 | 80.29 | 11.96 |
| 2011 -12 | 1123.96 | 80.29 | 14.00 |
| 2012 -13 | 1507.11 | 80.29 | 18.77 |
| 2013 -14 | 1388.34 | 80.29 | 17.29 |
| 2014 -15 | 1181.19 | 80.29 | 14.71 |
| 2015 -16 | 1462.30 | 80.33 | 18.20 |

(પ્રાપ્તિસ્થાન વાર્ષિક અહેવાલ :www.siplacompany.com(

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય કે શરૂઆતના ચાર વર્ષોમાં કંપનીના ઈક્વિટી શેરદીઠ કમાણીના ગુણોત્તરમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારબાદના બીજા ત્રણ-ચાર વર્ષોમાં કંપનીના ઈક્વિટી શેરદીઠ કમાણીનો ગુણોત્તરમાં વધારો થઈ રહ્યો છે. પરંતુ પાછલા બે- ત્રણ વર્ષોથી કંપનીનો ઈક્વિટી શેરદીઠ કમાણીના ગુણોત્તરમાં વધારો- ઘટાડો થઇ રહ્યો છે. આથી કહી શકાય કે શરુઆતના ચાર વર્ષોમાં કંપનીની રોકાણના સંદર્ભમાં નફાકારકતામાં વધારો થઇ રહ્યો છે ત્યારબાદના ત્રણ-ચાર વર્ષોમાં કંપનીની નફાકારકતામાં વધારો થઇ રહ્યો છે અને છેલ્લા બે-ત્રણ વર્ષોમાં કંપનીની નફાકારકતામાં વધ-ઘટ થઈ રહી છે. આથી કહી શકાય કે કંપનીએ પોતાના રોકાણના સંદર્ભમાં ઈક્વિટી શેરદીઠ કમાણીનો દર જાળવી રાખ્યો છે. કંપનીએ રોકાણના સંદર્ભમાં પોતાની નફાકારકતા જાળવી રાખી છે.

**૧૨. ઈક્વિટી શેરદીઠ કમાણીનું વલણ વિશ્લેષણ**


વલણ વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત કરેલ ગૌણ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પસંદ કરેલ સિપ્લા ફાર્મા કંપનીના વાર્ષિક હિસાબોના આધારે ઈક્વિટી શેરદીઠ કમાણીનું વલણ શોધી અર્થઘટન કરવામાં આવ્યું હતું. ઈક્વિટી શેરદીઠ કમાણીનું વલણ વિશ્લેષણ દર્શાવતો કોષ્ટક નીચે મુજબ છે.

**કોષ્ટક નં 2 ઈક્વિટી શેરદીઠ કમાણી**

| વર્ષ | ઈક્વિટી શેરદીઠ કમાણી |
|---|---|
| 2006-07 | 8.59 |
| 2007-08 | 9.02 |
| 2008-09 | 9.99 |
| 2009 -10 | 13.47 |
| 2010 -11 | 11.96 |
| 2011 -12 | 14.00 |
| 2012 -13 | 18.77 |
| 2013 –14 | 17.29 |
| 2014 – 15 | 14.71 |
| 2015 – 16 | 18.20 |

ઈક્વિટી શેરદીઠ કમાણીનું વલણ વિશ્લેષણ દર્શાવતો ચાર્ટ નીચે મુજબ છે.

**ચાર્ટ નં 1**




ઉપરોક્ત વલણ શોધ પરીક્ષણમાંથી કહી શકાય કે ઈક્વિટી શેરદીઠ કમાણીની શ્રેણીમાં વલણ જોવા મળે છે ફીટ રેખીય રીગ્રેશન લાઈનથી R2 નું મૂલ્ય 0.793 છે, 79% ના કક્ષાએ કહી શકાય કે નફામાં 1.09% ના દરે દર વર્ષે વધારો થઈ રહ્યો છે. આથી નિષ્કર્ષ પર આવી શકાય કે ઈક્વિટી શેરદીઠ કમાણીની શ્રેણીમાં વલણ શોધી શકાય છે. ઈક્વિટી શેરદીઠ કમાણી સમગ્ર સમયગાળા દરમિયાન સારો હતો. ઈક્વિટી શેરદીઠ કમાણી સમગ્ર સમયગાળા દરમિયાન હકારાત્મક ક્ષેત્રે

હતો. 79% ના સ્તરે કહી શકાયકે નફામાં 1.09% ના દરે દર વર્ષે વધારો થઇ રહ્યો છે. ભવિષ્યમાં પણ કંપનીની નફાકારકતા સારી હશે.

## ૧૩. તારણો

1. સિપ્લા ફાર્માકંપની દેશના વૃધ્ધિ અને વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો છે.
2. સિપ્લા ફાર્માકંપનીનું કંપનીનું ભવિષ્ય સારું છે.
3. સિપ્લા ફાર્માકંપનીનુ પર્ફોમન્સ પ્રગતિના પંથે છે.
4. સિપ્લા ફાર્માકંપનીની નાણાકીય કામગીરી સારી છે.
5. સિપ્લા ફાર્માકંપનીની રોકાણના સંદર્ભમાં નફાકારકતા સારી છે.
6. સિપ્લા ફાર્માકંપનીના શેરમાં રોકાણ કરવું ફાયદાકારક છે.

## સંદર્ભગ્રંથો


1. Desai, .H.G and K.G (1192). "Research Methodology and Techniques" Amadawad University, Granthnirman Board Gujarat state.
2. Economics and political weekly journal Feb. 18,2007
3. Agrawal, J. D. (2003). Finance India Vol., No. 3,
4. Khan, M.Y. & P.K Jain(2006). (third edition) India journal of Marketing
5. Financial Management, text & problems
6. Indian express Magazine
7. Time of Economics Magazine
8. www.siplacompany.com
9. www.economicstime.Indiatimes
10. www.trai.gov.in